**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૬/૦૩/૨૦૧૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૩૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૯ લીટર દેશી દારૂ, ૭૫૦ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૮ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૧૮ બિયરટીન, ૦૨ એક્ટિવા, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૨૭૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૩૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૫૩૬/૧૫**

**ઘાટલોડીયા :** દેવીબેન ઇશ્વરભાઇ મારવાડી(રહે.સંજયનગર તેજાભાઇની ચાલી, ગેટ નં ૪, ઘાટલોડીયા) એ તા.૧૫/૩/૧૫ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૩/૧૫ સવારનાં ૫/૦૦ થી બપોરનાં ૩/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી પોતાની પુત્રી માયા (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જી ગોહિલ ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૫૩૭/૧૫**

**સોલા હાઇકોર્ટ :** કૌશીકભાઇ કુમુદચંદ્ર કાપડીયા (રહે.સુદર્શન સોસાયટી, વિભાગ-૨, દેવેન્દ્ર બસ સ્ટેન્ડની બાજુમાં, નારણપુરા) એ તા.૧૫/૩/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨/૩/૧૩ થી તા.૪/૮/૧૪ ના સમયગાળા દરમ્યાન આરોપી (૧) જયેશ કનૈયાલાલ શુક્લા(એચ.યુ.એફ.ના કર્તાહર્તા) (૨) દિપલ જયેશ શુક્લા(એચ.યુ.એફ.ના સભ્ય) (૩)રાજવી જયેશ શુક્લા (એચ.યુ.એફ.ના સભ્ય) એ ભેગામળી કાવત્રુ રચી, કૌશીકભાઇને વિશ્વાસમાં લઇ પોતાના ધંધા માટે હાથ ઉછીના ૨ કરોડ રૂપિયા કૌશીકભાઇ પાસેથી મેળવી લીધા બાદ તેની ચુકવણી પેટે આરોપીએ આપેલ ચેક કૌશીકભાઇએ બેંકમાં ભરતાં ચેક રીટર્ન થતાં, કૌશીકભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.એલ.પાટીલ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૫૩૮/૧૫**

**સેટેલાઇટ :** યોગેશભાઇ રસીકભાઇ રાજપુરા (ઉ.વ.૨૧)(રહે.મઇન બજાર, હાટડા ચોક, જાળીલા ગામ તા.રાણપુરા, જી.અમદાવાદ) એ તા.૧૫/૩/૧૫ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૪/૩/૧૫ રાતનાં ૧૦/૩૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન નહેરૂનગર બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે, વિપુલ દુધીયાની દુકાન પાસે રોડ ઉપર પોતાની કાર નંબર જીજે.૨૩.એ.૭૮૪૦ પાર્ક કરી મુકી હતી. જે કારની ડ્રાઇવર સાઇડનો પાછળનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- તથા સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૮૫,૦૦૦/- ની મતા ભરેલ પર્સની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.પટણી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૩૯/૧૫**

**સાબરમતી :** સુરેશભાઇ ભીખાભાઇ પ્રજાપતિ (ઉ.વ.૪૩)(રહે.અર્બુદા ફ્લેટ, બેરોનેટ કોમ્પલેક્ષ પાસે, સાબરમતી) એ આર્થીક તંગીથી કંટાળી જઇ તા.૧૪/૩/૧૫ સવારનાં સમયે ઉધય મારવાની દવા પી લેતાં, સારવાર અર્થે તેમને પુખરાજ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૩/૧૫ સવારનાં ૮/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જયંતિભાઇ વેચાતભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.